# રેસીડેન્ટ ડોક્ટરના સ્ટાઈપેન્ડ દરોમાં માતબર વધારો કરાયો

## સરકાર દર વર્ષે ૩.૪૫ કરોડનો બોજ ઉપાડશે : આરોગ્ય પ્રધાન નીતિનભાઈ પટેલ દ્વારા જાહેરાત કરવામાં આવી

અમદાવાદ, તા.૧૨

રાજ્યના આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, સરકારી મેડિકલ કોલેજો અને સંલગ્ન શૈક્ષણિક હોસ્પિટલો ખાતે ફરજ ઉપરના રેસિડેન્ટ ડોક્ટર્સ અને ઈન્ટર્નીસ ડોક્ટરો દ્વારા તેમને મળતા સ્ટાઈપેન્ટમાં વધારો કરવા અંગે રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવી હતી. તેને ધ્યાનમાં લઈને મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરીને આ સ્ટાઈપેન્ડ દરોમાં ૪૮ ટકાનો વધારો કર્યો છે. આ વધારાનો લાભ ૯૦૦થી વધારે ઈન્ટર્નીસ ડોક્ટરો અને ૨૫૦૦થી વધુ રેસિડેન્ટ ડોક્ટરોને મળશે, જે ૧-૪-૨૦૧૫થી ચુકવાશે જેનાથી રાજ્ય સરકારને રૂપિયા ૩.૪૫ કરોડ જેટલો બોજ પડશે. આનંદીબેન પટેલે ઉમેર્યુ હતું કે, વધતી જતી મોંઘવારીને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય કરાયો છે. રેસિડેન્ટ ડોક્ટર્સ અને ઈન્ટર્નીસના સ્ટાઈપેન્ડમાં અગાઉ જે દરો મળતા હતા તે સ્ટાઈપેન્ડના દરોમાં ૪૮ ટકાનો વધારો કરાયો છે જેના પરિણામે પીજી મેડિકલ ડિગ્રી અભ્યાસક્રમ કરતા ૧૯૦૦ જેટલા રેસિડેન્ટ ડોક્ટરોને માસિક રૂપિયા ૧૩થી ૧૪ હજાર જેટલો સટાઈપેન્ડ પેટે વધારો મળશે. સાથે સાથે સુપર સ્પેશ્યાલિટી મેડિકલ અભ્યાસક્રમો કરતા ૧૨૦ જેટલા રેસિડેન્ટ ડોક્ટરોને પણ માસિક રૂપિયા ૧૪થી ૧૬ હજાર જેટલો વધારો તેમજ પીજી મેડિકલ ડિપ્લામાના ૧૫૦ જેટલા રેસિડેન્ટ ડોક્ટરોને પણ માસિક રૂપિયા ૧૦થી ૧૧ હજાર જેટલો વધારો મળશે જ્યારે ૪૩૦ જેટલા સિનિયર રેસિડેન્ટ ડોક્ટરોને મળતા માસિક ફીક્સ સ્ટાઈપેન્ડ રૂપિયા ૪૫ હજારમાં રૂપિયા એક હજારના વધારા સાથે રૂપિયા ૪૬ હજાર મળશે. સાથે સાથે ૯૦૦ જેટાલ ઈન્ટર્નીસ ડોક્ટરોને પણ માસિક રૂપિયા ૩૪૯૬ના વધારા સાથે કુલ ૧૦૭૮૦નું સ્ટાઈપેન્ડ મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ રાજ્ય સરકાર દ્વારા હકારાત્મક અભિગમ દાખવીને મળેલ રજૂઆતોને ધ્યાને લઈને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ૩-૧૦-૨૦૧૨ના ઠરાવથી ૪૦ ટકાનો વધારો કર્યો છે. રાજ્ય સરકારે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી રેસિડેન્ટ ડોક્ટરો તથા ઈન્ટર્નીસના સ્ટાઈપેન્ડના દરોમાં ૪૮ ટકા વધારો કરવા અંગે નિર્ણય કરેલ છે. જે મુજબ ૧-૪-૨૦૧૫થી આગામી ત્રણ વર્ષ સુધી એટલે કે ૩૧-૩-૨૦૧૮ સુધી સ્ટાઈપેન્ડના નવા દરો મંજુર કરવામાં આવેલ છે.


## ખેડબ્રહ્માની રામજીબાપા કન્યા વિદ્યાલયનું ગૌરવ

ખેડબ્રહ્મા, તા.૧૨

ખેડબ્રહ્માની રામજીબાપા કન્યા વિદ્યાલયની ધોરણ-૧૦ની વિદ્યાર્થિની સંસ્કૃતિ પટેલે બડોલી ખાતે આયોજીત નેશનલ સાયન્સ સેમિનારમાં ભાગ લઈ શાળાનું ગૌરવ વધાર્યુ હતું.

આ સેમિનારમાં ખેડબ્રહ્માની સંસ્કૃતિ પટેલે વર્તમાન સમયમાં પ્રકાશનો ઉપયોગ, પડકારો અને આવશ્યકતાઓ વિષય પર રસપ્રદ શૈલીમાં વકતવ્ય રજૂ કરી જિલ્લા કક્ષાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. વિદ્યાર્થીનીને રોકડ પુરસ્કાર પણ આપવામાં આવ્યો હતો.

શાળાની વિદ્યાર્થીનીની આ સિધ્ધી બદલ કેળવણી મંડળના પ્રમુખ મણીભાઈ પટેલ, શાંતિભાઈ મંડળના સભ્યો, આચાર્યો જસ્મિનાબેન તેમજ સવિતાબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.



## હવે દલીત દિકરીનો વડાપ્રધાન મોદીને પત્ર...

અનામતની માંગને લઈ રાજ્યભરમાં પાટીદાર સમાજ આંદોલન કરી રહ્યું છે. થોડા દિવસ અગાઉ ગાંધીનગરની એક પાટીદારની દીકરીએ વડાપ્રધાનને પત્ર લખ્યો હતો ત્યારે હવે આવો જ અસ્પૃશ્યતાની બાબતનો પત્ર પંચમહાલની દલીત દીકરીએ વડાપ્રધાનને પત્ર લખ્યો છે.

## ડીસામાં માહિતી આપવામાં વિલંબ કરનાર નાયબ ઈજનેરને બે હજારનો દંડ

ડીસા, તા. ૧૨

રાજ્યમાં માહિતી અધિકારનો ઉપયોગ વધ્યો છે ત્યારે આ કાયદાનો સગવડીયો ઉપયોગ કરી અરજદારોને ધક્કા ખવડાવી અધુરી અને નિયત મુદતે માહિતી આપવામાં વિલંબ કરતા સરકારી બાબુઓ માટે સીમાચિન્હ એક ચુકાદો તાજેતરમાં રાજ્યના મુખ્ય માહિતી કમિશનર બલવંતસિંહે આપ્યો છે. જેમાં વિલંબિત માહિતી આપનાર ઉત્તર ગુજરાત વીજ કંપનીના નાયબ ઈજનેરને તેમને રૂપિયા બે હજારનો દંડ ફટકારતા ચકચાર મચેલ છે.

આ અંગે મળતી વિગતો જોઈએ તો ડીસાના વેલુંનગર ખાતે રહેતા આર.ટી.આઈ. એકવીટીસ્ટ કાન્તિલાલ કરશનદાસ જોશીએ પાટણ જિલ્લાના સમી ખાતે આવેલી ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ પાસે માહિતી અધિનિયમ ૨૦૦૫ના કાયદા અન્વયે બી.પી.એલ. લાભાર્થી વીજ ગ્રાહકોની માહિતી માંગી હતી, જો કે નિયત મુદતમાં આ માહિતી આપવામાં વીજ તંત્ર નિષ્ફળ નીવડતા અરદારે રાજ્યના મુખ્ય માહિતી નિયામક બલવંતસિંહ સમક્ષ અપીલ કરી હતી, જેમાં અરજદારને માહિતી આપવામાં કસુરવાર રહેલા ઉત્તર ગુજરાત વીજ કંપનીના નાયબ ઈજનેર ડામોરને માહિતી અધિકારની કલમ ૨૦(૧) અન્વયે રૂ. ૨૦૦૦ દંડ ફટકારેલ છે. જેનાથી માહિતી આપવામાં વિલંબ કરનાર સરકારી બાબુઓમાં ફફડાટ ફેલાયો છે.




## ધનસુરામાં ડોક્ટર સેલ દ્વારા નિઃશુલ્ક કેમ્પનુ આયોજન

અરવલ્લી જીલ્લાના ધનસુરા જવાહર બજારમાં આવેલ ડૉ. શિરીષ આર. શાહની હોસ્પિલ ખાતે તા. ૯-૮-૨૦૧૦ના રોજ નિઃશુલ્ક ડાયાબિટીશ ચેકઅપ અને બીપી ચેકઅપનુ આયો જન કરવામાં આવ્યુ હતુ. જેમાં ૯૨૩ જેટલા લાભાર્થીઓએ આ નિઃશુલ્ક કેમ્પમાં પોતાના ડાયાબિટીશ અને બીપી ચેક કરાવ્યા હતા. જેમાં ભારતીય જનતા પાર્ટીના અગ્રણી હાજર રહયા હતા. જેમાં દિલિપ સિંહ પરમાર, સાબરકાંઠા જિલ્લા પુર્વ પ્રમુખ હેમલતાબેન પટેલ, અનિલભાઈ પટેલ હાજર રહયા હતા. આ ઉપરાંત ધનસુરાના અન્ય ડાંકટરો પણ હાજર રહયા હતા. ડૉ. શિરીષભાઈ આર શાહ, ડૉ. રાકેશભાઈ શાહ, ડૉ. શાંતિલાલ શાહ, ડૉ. મયુરભાઈ મોરી, ડૉ. કૌશિકભાઈ શાહ, ડૉ. મીત શિરીષભાઈ શાહ ઉપસ્થિત રહયા હતા. (તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

# રાજ્યભરમાં સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની બે તબક્કામાં ચૂંટણી

## પ્રથમ રાઉન્ડમાં મહાનગરપાલિકા તેમજ નગરપાલિકાઓ અને બીજા રાઉન્ડમાં જિલ્લા, તાલુકા પંચાયત ચુંટણી થશે

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં સ્થાનિક સંસ્થાઓની ચુંટણી બે તબક્કામાં યોજાય તેવી શક્યતા દેખાઈ રહી છે. પ્રથમ તબક્કામાં મહા-નગરપાલિકા તથા નગરપાલિકા તથા બીજા રાઉન્ડમાં જિલ્લા તથા તાલુકા પંચાયતની ચુંટણી યોજાશે.સપ્ટેમ્બર મહિનામાં ચુંટણી કાર્યક્રમની જાહેરાત કરવામાં આવે તેવી શકયતા દેખાઈ રહ્યા છે.

સ્થાનિક સ્વરાજયની આગામી ચૂંટણી સંદર્ભે વિશ્વસનિય સૂત્રોના જણાવ્યા મુજબ ચૂંટણી બે તબક્કામાં યોજવામાં આવશે. પ્રથમ તબક્કામાં મહાનગરપાલિકા, નગર-પાલિકાઓની ચૂંટણી યોજાશે અને બીજા તબક્કામાં જિલ્લા પંચાયતો તથા પંચાયતોની ચૂંટણી યોજવામાં આવશે. મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભેની તડામાર તૈયારીઓ રાજય ચૂંટણીપંચમાં અને દરેક જિલ્લા વહીવટીતંત્રમાં ચાલી રહી છે. આધારભુત સૂત્રોના જણાવ્યા મુજબ તા. ૧૦ થી ૧૫ સપ્ટેમ્બર વચ્ચે ચૂંટણીનું એલાન કરવામાં આવશે. ચૂંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાથી માંડી મતદાન સુધીની પ્રક્રિયામાં ૩૫ દિવસનો સમયગાળો આપવામાં આવે તેમ જણાઈ રહ્યું છે. મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની ચૂંટણીનું એલાન તા. ૧૦ થી ૧૫ સપ્ટેમ્બર વચ્ચે કરાયા બાદ ૨૦ દિવસનો ગેપ રાખી જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીનું એલાન કરવામાં આવશે અને તે મુજબ સપ્ટેમ્બર માસના અંતિમ સપ્તાહમાં જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીનું એલાન કરાયા બાદ એકાદ સપ્તાહમાં એટલે કે ઓકટોબર માસના પ્રથમ સપ્તાહમાં પંચાયતોની ચૂંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની ચૂંટણી દિવાળી પહેલાં પૂરી કરી દેવાનું શેડ્યુલ ગોઠવાઈ રહ્યું છે. સુરતમાં ધારાસભાની બેઠક ખાલી પડી છે અને તેની પેટા ચૂંટણી પણ સાથોસાથ યોજી દેવામાં આવશે તેમ જાણવા મળે છે.

## વરસાદી ઝાપટું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વાતાવરણની મજા માંણી હતી જયારે વરસાદના લીધે ખેતપાકોને પણ જીવતદાન મળ્યુ હતુ. મેઘરાજા મનમુકીને વરસતા ચોમેર ઠંડક અને હરિયાળીનુ સામ્રાજય છવાયુ હતુ.પરંતુ ૧૫ દિવસથી મેઘરાજાએ દેખા ન દેતા નગરજનો ફરિ એકવાર ગરમીની આહોશમાં આવી ગયા છે. દિવસનુ મહત્તમ તાપમાન પણ ૩૪ ડી ગ્રી ને પાર રહેતા બપોરનો તાપ આકરો લાગે છે. વરસાદના લાંબા વિરામ બાદ નગરજનો મેઘરાજા મહેરબાન થાય તેની વાટ જોવાઈ રહી છે. આજે પણ દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે આકાશમાં અંગડાઈ લેતા વાદળો મનમુકીને વરસ્યા ન હતા. જયારે મોડી સાંજે અચાનક જ વાતાવરણામાં બદલાવ સાથે વરસાદના છાંટણા થયા હતા.

## ચકાસણી કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે શાળાકક્ષાએ વધારાના વર્ગો શરૂ કરવા માટે પણ સુચના આપવામાં આવી હતી. આ ઉપરાંત ગ્રામ્ય કક્ષાએ વાલીઓમાં જાગૃતતા કેળવવા માટે પણ શિક્ષકો દ્વારા જરૂરી પ્રયાસો હાથ ધરવામાં આવે તે માટે પણ તકેદારી રાખવા જણાંવાયુ છે. જેને અનુલક્ષી જિલ્લાની વિવિધ શાળાઓમાં પરિણામ સુધારણા માટેની યોજનાનો યોગ્ય અમલ થાય છે કે કેમ તેની આકસ્મિક ચકાસણી પણ કરવામાં આવશે. જે માટે જિલ્લા શિક્ષણાધિકારી તેમજ એ ડી આઈ ની ટીમ શાળાઓમાં તબક્કાવાર તપાસ કરશે. આ તબક્કે શાળાના શિક્ષકોએ પણ આગામી વર્ષમાં નબળુ પરિણામ નહિ આવે તેની ખાત્રી આપી હતી.

## લાગણીનો મેળો (ચોથા પાનાનું ચાલુ...)

આપણે સૌ આ કવિ હૃદયના ઉદગારને ઝીલી લઈએ...
ખેર,સ્વતંત્ર ભારતના મુક્ત શ્વાસમાં
હવે તો આપણે ભીનાશ અનુભવીએ.!
હવે તો આપણા સ્વત્વને જગાડીએ!
હવે તો આપણા બંધુઓને ગળે લગાડીએ!
હવે તો પળેપળ દેશ માટે જીવી જાણીએ!
મુક્ત માતૃભૂમિ હવે નવીન પ્રાણ ઝંખે છે...
નવીન આશ ઝંખે છે...
નવીન ગાન ઝંખે છે...

સ્વાતંત્ર્યદિનના શુભ પર્વે પ્રત્યેક ભારતવાસીએ સમગ્ર રાષ્ટ્રના હિતની દ્રષ્ટીએ જ કઈક વિચારવાનો સંકલ્પ કરવો જોઈએ.

માતૃભૂમિના સંતાન આપણે સૌ ચાલો સંકલ્પ કરીએ... સ્વાર્થને પરહરિ જીવન મા-ભોમને ચરણે ધરી કૃતાર્થ થઈએ..!

**સ્પર્શમણિ -**

અમેરિકામાં - સ્ટેચ્યુ ઓફ લીબર્ટી (સ્વાતંત્ર્યનું પૂતળું) ઉભું કર્યું છે. તેની બરાબર સામે બીજું એક સ્ટેચ્યુ ઉભું કરવું જોઈએ. (ઈસ્ટ કોસ્ટ અમેરિકામાં સ્ટેચ્યુ ઓફ લીબર્ટી છે) વેસ્ટ કોસ્ટમાં એક બીજું પૂતળું ઉભું કરીને તેનું નામ - સ્ટેચ્યુ ઓફ રિસ્પોન્સિબિલિટી - રાખીને ઉભું કરવું જોઈએ.! વાહ વાહ કેટલી કીમતી વાત કરી છે.

આજે આ વાક્ય સુવર્ણ અક્ષરે લખવા જેવું છે જે ડૉ. વિક્ટર ફેંકલ સાહેબે કહ્યું છે. આજે ભારતમાં કેટલી બધી સ્વતંત્રતા છે, અપાર સ્વતંત્રતા છે. મન ફાવે તેમ સૌ બોલી શકે છે. બોલીને ફરી પણ જાય. બોલવાની સ્વતંત્રતાની સાથે માણસ તેની જવાબદારી ભૂલતો જાય છે. આજે આપણા દુઃખી ભાઈ બહેન કે માબાપ પ્રત્યે જવાબદારી વગરનું અલ્લડપણું જગતભરમાં વધતું જાય છે. ડૉ. ફેંકલે કહેલું કે ફ્રીડમ સ્વતંત્રતા એ કઈ લાસ્ટ વર્ડ નથી, એ છેલ્લો મંત્ર નથી. સ્વતંત્રતા તો અડધી સ્ટોરી થઈ અને હું તો ફ્રીડમને નેગેટીવ ગણું છું. ફ્રીડમ ત્યારે દીપે જયારે માનવીમાં સ્વતંત્રતા-આઝાદી સાથે દેશ પ્રત્યે, શહેર પ્રત્યે, ગામ પ્રત્યે, કુટુંબ પ્રત્યે, પત્ની પ્રત્યે, પતિ પ્રત્યે જવાબદારી આવે... હું કહું છું કે જો આપણે જવાબદારીનો મંત્ર નહિ લઈએ તો આ આઝાદી ડીજનરેટ થઈ જશે. તેને લૂણો લાગશે...

- (ચેતનાની ક્ષણે) કાંતિ ભટ્ટ

# એમબીએ અને એમસીએમાં ૭૬૭૦ બેઠકો ખાલી જ રહી

## એમબીએનો અભ્યાસક્રમ ચલાવતી આશરે ૨૧ કોલેજોને એકપણ વિદ્યાર્થી ન મળતા તાળા મારવાની સ્થિતિ સર્જાઈ

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (એમબીએ) અને માસ્ટર ઓફ કોમ્પ્યુટર એડમિનિસ્ટ્રેશન (એમસીએ)ની કોલેજમાં પ્રવેશની બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે. બે રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયાના અંતે એમબીએ-એમસીએની કુલ બેઠકો પૈકી ૭૬૭૦ બેઠકો ખાલી રહેવા પામી છે જ્યારે એમબીએનો અભ્યાસક્રમ ચલાવતી ૨૧ કોલેજોને તો એક પણ વિદ્યાર્થીઓ ન મળતા કોલેજોને તાળા મારવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

રાજ્યની એમબીએ કોલેજોની ૬૪૬૦ અને એમસીએ કોલેજોની ૩૯૦૦ બેઠકો મળી કુલ ૧૦૩૬૦ બેઠકો ઉપર પ્રવેશ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં પ્રથમ પ્રવેશ રાઉન્ડના અંતે મોટાભાગની બેઠકો ખાલી રહેતા બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જો કે, બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયાના અંતે પણ એ માત્ર ૨૬૯૦ બેઠકો ભરાઈ છે. એટલે કે ૭૬૭૦ બેઠકો હજુ ખાલી રહેવા પામી છે જેમાં એમસીએની ૩૯૦૦ બેઠકો પૈકી ૨૧૯૯ બેઠકો ભરાઈ છે. એટલે કે એમસીએમાં ૧૭૦૧ બેઠકો ખાલી રહેવા પામી છે. જો કે, તેની તુલનામાં એમબીએ અભ્યાસક્રમની સ્થિતિ વધુ ખરાબ છે. એમબીએ કોલેજોની ૬૪૬૦ બેઠકો પૈકી માત્ર ૪૯૧ બેઠકો ભરાવા પામી છે જ્યારે ૫૯૬૯ બેઠકો ખાલી રહેવા પામી છે તેમાંય એમબીએનો અભ્યાસક્રમ ચલાવતી ૨૧ કોલેજોને તો એક પણ વિદ્યાર્થી મળ્યો નથી. જેના કારણે આવી કોલેજોને તાળા મારવા પડે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં ઈજનેરી સહિતના ટેકનિકલ અને મેનેજમેન્ટના અભ્યાસક્રમોના વળતા પાણી જોવા મળી રહ્યા છે. આડેધડ ખાનગી કોલેજોને મંજુરી જેવા કારણોસર રોજગારીની તકો ઘટતા વિદ્યાર્થીઓ અન્ય અભ્યાસક્રમો તરફ વળ્યા છે. જેના કારણે મોટાભાગની બેઠકો ખાલી રહી છે.



યુનિવર્સિટીમાં સેના સાથે સંબંધિત સંગીત કાર્યક્રમનું આયોજન કરાયું છે, જેના માટેની તૈયારીમાં જવાનો લાગી ગયા છે.

## શાનદાર ઉજવણી... ● ત્રીજા પાનાનું ચાલુ

સુવિધા વિકાસ અને સ્થાનિક સેવા સુવિધાના કામોનો બહુવિધ વિકાસ ઉત્સવ સમગ્ર જિલ્લામાં દરરોજ ઉજવાઈ રહ્યો છે.

પ્રવક્તા મંત્રીશ્રીઓએ જણાવ્યું કે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ સ્વાતંત્ર્ય દિવસની પૂર્વસંધ્યાએ ૧૪મી ઓગષ્ટના રોજ સવારથી જ આઝાદી પર્વની જનઉજવણીના અદમ્ય ઉત્સાહમાં જનતા જર્નાદન સાથે સહભાગી બનશે. સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ જિલ્લામથક લુણાવાડામાં 'મનોહર મહિસાગર'ના ઐતિહાસિક સાંસ્કૃતિક સમારોહની પ્રસ્તુતિ સાથે મુખ્યમંત્રીશ્રી વિવિધ ક્ષેત્રે યોગદાન આપનારા જિલ્લાના વ્યક્તિ વિશેષોનું અભિવાદન કરશે.

મહામહિમ રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી ૧૪મી ઓગષ્ટ ૨૦૧૫ના રોજ મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં લુણાવાડામાં સાંજે ઉદ્યાન સમારોહમાં વિશેષરૂપે હાજર રહીને નાગરિકો અને સ્વાતંત્ર્ય સેનાનીઓનું અભિવાદન કરશે અને સ્વાતંત્ર્ય પર્વની શુભકામના આપશે.

## સુધારાત્મક આદેશો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તો પાનસરની સામાન્ય બેઠક પણ સ્ત્રી અનામત થવા પામી છે.

આ સુધારાત્મક આદેશોમાં ચિલોડા(ડ)ની બેઠક સામાન્ય બેઠક બની છે તો ડભોડાની બેઠક પણ સામાન્ય બેઠક બનવા પામી છે.

આ સુધારાત્મક આદેશોને લઈ જિલ્લામાં રાજકીય ગરમાવો આવી જવા પામ્યો છે. પંચે પ્રાથમિક આદેશો પછી સુધારાત્મક આદેશો જારી કર્યા છે અને હવે નવેસરથી વાંધા-સુચનો મેળવી આખરી આદેશો જારી કરતાં પહેલાં રાજકીય પક્ષો સાથે પરામર્શ બેઠક યોજવામાં આવશે.

આમ તો નવેમ્બર માસમાં પંચાયતની મુદત પૂર્ણ થઈ રહી છે પરંતુ હવે પંચાયતની ચૂંટણી માટેનું જાહેરનામુ સપ્ટેમ્બરના બીજા સપ્તાહ પછી જાહેર થશે તેમ જાણવા મળેલ છે. અર્થાત્ કદાચ આ ચૂંટણીઓ મોડી પડવાની સંભાવનાઓ નકારી શકાય નહિ.

જો કે પંચના સૂત્રો માને છે કે સુધારાત્મક આદેશોના વાંધા સૂચનો મળી ગયા પછી ખુબ જ ઝડપથી રાજકીય પક્ષો સાથે પરામર્શ બેઠકો જિલ્લાવાર યોજી નિયત સમયે જ ચૂંટણી યોજવા માટે પંચ મક્કમ છે.

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

| | | | |
|---|---|---|---|
| ૧૩ | ઈટાદરા | માણસા | સામાન્ય સ્ત્રી |
| ૧૪ | કડજોદરા | દહેગામ | સામાન્ય સ્ત્રી |
| ૧૫ | કોલવડા | ગાંધીનગર | સામાન્ય સ્ત્રી |
| ૧૬ | કુડાસણ | ગાંધીનગર | બિન અનામત સામાન્ય |
| ૧૭ | લીંબોદરા | માણસા | બિન અનામત સામાન્ય |
| ૧૮ | લોદરા | માણસા | સામાન્ય સ્ત્રી |
| ૧૯ | પલીયડ | કલોલ | બિન અનામત સામાન્ય |
| ૨૦ | પાનસર | કલોલ | સામાન્ય સ્ત્રી |
| ૨૧ | રખીયાલ | દહેગામ | બિન અનામત સામાન્ય |
| ૨૨ | રાંધેજા | ગાંધીનગર | બિન અનામત સામાન્ય |
| ૨૩ | સઈજ | કલોલ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| ૨૪ | સમૌ | માણસા | બિન અનામત સામાન્ય |
| ૨૫ | સાણોદા | દહેગામ | સામાન્ય સ્ત્રી |
| ૨૬ | સાંતેજ | કલોલ | બિન અનામત સામાન્ય |
| ૨૭ | સોજા | કલોલ | બિન અનામત સામાન્ય |
| ૨૮ | ઉવારસદ | ગાંધીનગર | બિન અનામત સામાન્ય |
| ૨૯ | વાવોલ | ગાંધીનગર | અનુસૂચિત આદિજાતિ |
| ૩૦ | ઝુંડાલ | ગાંધીનગર | અનુસૂચિત જાતિ |

IndusInd Bank

લોન... લોન... લોન...

જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...

● વિમાના ૮૫%* સુધી ધિરાણ ● સૌથી ઓછો વ્યાજદર* ● ઝડપી પ્રોસેસ ● સરળ દસ્તાવેજ વિધિ

૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર

Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)

### જાહેર હરાજી

સરકારી પોલીટેકનીક સેક્ટર-૨૬, કેમ્પસ ગાંધીનગર ખાતે ઉગેલ ઘાસની જાહેર હરાજી તા. ૨૫/૮/૨૦૧૫ના રોજ બપોરે ૩-૦૦ કલાકે સંસ્થા ખાતે સેક્ટર-૨૬માં રાખેલ છે. તો રસ ધરાવનાર ઈસમોએ રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા)ની ડીપોઝીટ ભરી રૂબરૂ હાજર રહેવું.

માહિતી/૧૧૫૦/૨૦૧૫-૧૫ આચાર્ય, સ.પો. ગાંધીનગર

### જાહેર હરાજી

સરકારી વાહન વ્યવહાર સેવાની કચેરી, સેક્ટર નં.૩૦, ગાંધીનગર ખાતેના ૧૩ સેલો વાહનોની જાહેર હરાજી તા. ૨૬/૮/૨૦૧૫ના રોજ સવારે ૯-૦૦ કલાકે રાખેલ છે. વાહન દીઠ ડિપોઝીટની રકમ રૂ. ૨,૦૦૦/- છે. હરાજીની અન્ય શરતો હરાજી શરૂ કરતા અગાઉ વાંચી સંભળાવવામાં આવશે.

સહી/-

માહિતી/૧૧૨૮/૨૦૧૫-૧૬ મેનેજર, જીટીએસ, ગાંધીનગર

### કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત, મા.મ. વિભાગ, મોડાસા

જાહેર નિવિદા નં. ૧૩/૨૦૧૫-૨૦૧૬નો સુધારો-૧

સંદેશ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલ ઉક્ત નિવિદામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની તારીખ | ૧૯-૮-૨૦૧૫ |
| ઈજારદારશ્રીઓએ ઓન લાઈન ડાઉનલોડ કરવાની તારીખ | ૧૯-૮-૨૦૧૫ થી ૨૬-૮-૨૦૧૫ |
| બાનાની રકમ, ટેન્ડર ફી, બેંક સોલવંશી તથા અન્ય દસ્તાવેજ રજૂ કરવાની તારીખ | ૧-૯-૨૦૧૫ |
| ટેકનીકલ બીડ/પ્રાઈસ બીડ ખોલવાની તારીખ | ૨૭-૮-૨૦૧૫ |

વિગતવાર નિવિદા www.statetenders.com પર જોવા મળશે. તેમજ ઓનલાઈન ટેન્ડરો wwww.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. અન્ય વિગતો મુળ નિવિદા મુજબ યથાવત રહેશે. જેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

કાર્યપાલક ઈજનેર

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૨૨૮/૨૦૧૫ સા.કાં. પંચાયત મા.મ. વિભાગ, હિંમતનગર